# ગુડાના ૩૯ ગામોમાં ટુંક સમયમાં એલ.ઈ.ડી. લાઈટનુ અજવાળુ પથરાશે

## ગ્રામ સદભાવના યોજના અન્વયે તમામ ગામોમાં એલ ઇ ડી લાઇટ ફીટ કરાશે : ગ્રામ પંચાયતોના વિજબીલમાં રાહત થશે

ગાંધીનગર તા ૪

ગુડા વિસ્તારના ૩૯ ગામોમાં ટુંકમાં જ એલ ઇ ડી લાઇટનુ અજવાળુ પથરાશે. ગુડા દ્વારા ગ્રામ સદભાવના અંતર્ગત સ્ટ્રીટ લાઇટની કામગીરી કરવામાં આવશે. જેના લીધે ગ્રામ પંચાયતોના વિજબીલનુ ભારણ પણ ઘટશે. ગ્રામ્ય વિસ્તારમાં હયાત જી ઇ બી ના થાંભલા પર જ એલ ઇ ડી લાઇટનુ ફીટીંગ કરી દેવાશે. ગુડા દ્વારા કેટલાક ગામોમાં એલ ઇ ડી લાઇટ ફીટ કરવામાં આવી છે. જયારે આ યોજના અન્વયે તમામ ગામોનો સમાવેશ કરવામાં આવશે.

ગુડા દ્વારા વિકાસના વિવિધ કામો ઉપરાંત માળખાગત સુવિધાના કામોને પણ વેગ આપવામાં આવી રહયો છે. ગુડાના રાયસણ અને કુડાસણ વિસ્તારમાં નર્મદાનુ પાણી આપવાનુ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે આગામી દિવસોમાં ગુડા દ્વારા પ્રતિદિન એક કરોડ લીટર પાણી સપ્લાય કરવા માટેનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. ગુડા વિસ્તારમાં ગટર લાઇન તેમજ રસ્તાના પણ કામો હાથ ધરવામાં આવ્યા છે . આગામી દાયકાઓની વસતી તેમજ વિકાસને ધ્યાને લઈ ઈન્ફાસ્ટ્રકચરનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ ઉપરાંત ગુડા વિસ્તારમાં પણ શહેરી વિસ્તારની જેમ એલ ઇ ડી લાઇટનુ અજવાળુ પથરાય તે માટે યોજના તૈયાર કરી દેવાઇ છે. ગુડાના કેટલાક ગામોમાં સ્ટ્રીટ લાઇટનુ ફીટીંગ કરી દેવાયુ છે. જયારે હવે ગુડા વિસ્તારના ૩૯ ગામોમાં એલ ઇ ડી લાઇટનુ અજવાળુ પાથરવા માટે આયોજન કરી દેવાયુ છે.જેમાં ગુડા દ્વારા ગ્રામ સદભાવના યોજના અન્વયે તમામ ગામોમાં એલ ઇ ડી લાઇટનુ ફીટીંગ કરી દેવાશે. જેનાથી ગ્રામપંચાયતોના વિજબીલનુ ભારણ પણ ઘટશે. વધુમાં હાલ હયાત જી ઇ બીના થાંભલા પર જ એલ ઈ ડી ફીટીંગ કરવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ટુંકમાં જ ગુડા વિસ્તારના ૩૯ ગામોમાં એલ ઈ ડી લાઇટની જળહળા જોવા મળશે.

# પુજા પ્રસાદીની સામગ્રી પર કર રદ કરવા બ્રહ્મસમાજ દ્વારા કલેકટરને આવેદનપત્ર

## પુજા પ્રસાદી પર અસહ્ય કરના લીધે ધર્મ પ્રેમીઓનુ દિલ દુભાયુ રાજા તેમજ અંગ્રેજોના સમયમાં પણ કરબોજો ન હતો

ગાંધીનગર તા ૪

મંદિરમાં ચઢાવાતા પ્રસાદ



અને પુજા હવન સામગ્રી પર અસહ્ય કરબોજો નાંખવામાં આવ્યો હોવાનો આક્રોશ સમસ્ત બ્રહ્મસમાજે વ્યક્ત કર્યો છે. આ મામલે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળે પણ વિરોધની લાગણી વ્યક્ત કરી છે. જયારે સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા પણ આ મામલે ઉગ્ર વિરોધ વ્યકત કરી પુજા સામગ્રી પરથી આ કર રદ કરવા ઉગ્ર માંગ કરી છે. આ અંગે બ્રહ્મસમાજના આગેવાનોએ આજે જિલ્લા કલેકટરને આવેદનપત્ર પણ આપ્યુ હતુ.

સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના અશ્વિન ત્રિવેદી, જયશ્રીબેન ખેતીયા જીગર ત્રિવેદી, દિવ્ય ત્રિવેદી સહીતના આગેવાનોએ આજે જી એસ ટી ના અમલ બાદ પુજા અને પ્રસાદની સામગ્રી પર કર લાદવાના મામલે આક્રોશ વ્યક્ત કર્યો હતો. જયારે આ મામલે જિલ્લા કલેકટરને આવેદન પત્ર સુપ્રત કર્યુ હતુ. જેમાં જણાંવ્યા મુજબ હિન્દુ રાષ્ટ્રમાં દેવી દેવતાઓમાં અખુટ શ્રધ્ધા ધરાવતા ભાવિકોનો વસવાટ

● અનુસંધાન પાન-૭ પર

# હવે આગામી દસ દિવસ હવામાન ચોખ્ખુ રહેશે



ગાંધીનગર, તા.૪

છેલ્લા એક અઠવાડિયાથી પડી રહેલા વરસાદે વિરામ લીધો છે હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી સપ્તાહમા ગુજરાતમાં હવામાન ચોખ્ખુ રહેશે. છુટો છવાયો વરસાદ કેટલાક વિસ્તારોમાં પડી શકે છે.

ચોમાસાના પ્રારંભે જ ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં સારો એવો વરસાદ પડયો છે. કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસતા નદીનાળા છલકાઈ ગયા છે. છેલ્લા એક અઠવાડીયાથી શહેરમાં કયારેક ભારે તો કયારેક ધીમો વરસાદ વરસતો રહ્યો હતો. વરસાદી વાતાવરણ છવાયેલું રહ્યું હતું. ગઈ કાલે સમગ્ર દિવસ દરમિયાન શહેરમાં સારો એવો વરસાદ રહ્યો હતો. જો કે આજ સવારથી ઉઘાડ નીકળતા રાહત અનુભવાઈ છે. ઘણા દિવસો બાદ તડકો નીકળતા ગૃહિણીઓએ કપડા સુકવવા તડકે નાંખ્યા હતા. જો કે વરસાદ બંધ રહેતા બફારો પણ પુનઃ અનુભવાયો હતો. હવામાન વિભાગના ઉચ્ચ અધિકારી જયંત સરકારના જણાવ્યા અનુસાર આવનાર સપ્તાહમાં રાજયનું વાતાવરણ ચોખ્ખું રહેશે. કેટલાક વિસ્તારોમાં છુટોછવાયો વરસાદ પડે તેવી શકયતાઓ છે. જુલાઈના ત્રીજા અને છેલ્લા સપ્તાહ દરમિયાન ગુજરાતમાં પુનઃ વરસાદ વરસી શકે તેવી સિસ્ટમ અરબી સમુદ્રમાં ડેવલપ થઈ શકે છે.

# મેયર, ડે. મેયર અને સ્થાયી ચેરમેન ત્રિદિવસીય તાલિમ માટે બેંગ્લોરૂ જશે

ગાંધીનગર, તા. ૪

આગામી ૭, ૮ અને ૯ જુલાઈ દરમ્યાન સ્માર્ટસીટી પ્રોજેકટ અંતર્ગત 'અમૃત' યોજના અંગેના ત્રિદિવસીય તાલિમ વર્ગમાં મનપાના મેયર પ્રવિણ પટેલ, ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ હેંગ્લોરૂ જશે.

આ ત્રણેય મહાનુભાવો ત્યાં તાલિમમાં હાજર રહેશે. ગુજરાતના પ્રતિનિધિઓ માટે આ તાલિમનુ આયોજન કરવામાં આવ્યું છે. આ તાલિમમાં રોડનુ ઈન્સ્પેકશન કેવી રીતે કરશો, અમૃત યોજના શું છે તેનુ ગુજરાતમાં શુ મહત્વ છે. શહેરી વિસ્તારના પડકારો, ઈન્ટેલીજીસ્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમનો પણ અભ્યાસ કરશે.

આ રીતે પહેલીવાર ત્રણેય પદાધિકારીઓ એક સાથે તાલિમમાં ભાગ લેવા માટે વિમાન માર્ગે જશે.

## પશુધન પકડનાર પાર્ટી પરના હુમલા ખાળવા

# એક પી.આઈ. અને ૧૦ કોન્સ્ટેબલોને પ્રતિનિયુક્તી પર મેળવવા મનપાની દરખાસ્ત

## શહેરના ૧૧ વિસ્તારમાં કોમ્યુનીટી ટોઈલેટ બનાવવાની દરખાસ્ત મંજૂર કરાઈ : રૂ. ૫૪૨ ના દરે ટ્રી-ગાર્ડ મનપા ખરીદશે

ગાંધીનગર, તા. ૪

રખડતા પશુધનને પકડવા જતા કર્મચારીઓને પુરતુ પોલીસ રક્ષણ મળી રહે તે માટે ગાંધીનગર મહાનગરપાલિકા હવે એક પોલીસ ઈન્સ્પેકટર અને ૧૦ પોલીસ કર્મીઓને પ્રતિનિયુક્તી પર લઈ આવશે.

ગાંધીનગર મહાનગર પાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આ માટે ખાસ સેટઅપ ઉભુ કરવાનો મુદ્દો હતો જેમાં ચર્ચાને અંતે એક ઈન્સ્પેક્ટર અને ૧૦ જેટલા કોન્સ્ટેબલને પ્રતિ નિયુક્તિ પર મનપામાં લઈ આવવા માટે સરકારમાં રજુઆત કરાશે. આ અંગેનો પગાર ખર્ચ મનપા ભોગવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ દરખાસ્ત સામાન્ય સભાની મંજૂરી માટે રજુ થશે જે પછીથી શહેરી વિકાસ વિભાગમાં અને શહેરી વિકાસ વિભાગ દ્વારા ગૃહ વિભાગને મોકલી આપવામાં આવશે.

મનપાની ઢોરપકડ પાર્ટી પર તાજેતરમાં બે જેટલા બનેલા હુમલાના બનાવ પછી તંત્રએ ગંભીર નોંધ લઈ હવે આ અંગે પ્રતિનિયુક્તીથી જ પોલીસ ફોર્સના માણસો મેળવવાનો નિર્ણય કર્યો છે.

આજની સ્થાયી સમિતિમાં સે. ૧માં આવેલ ગાયત્રી મંદિર તેમજ સે. ૪ના ઓમકારેશ્વર મંદિરની આસપાસમાં પેવર બ્લોકનુ કામ રૂ. ૪.૫૮ લાખના ખર્ચે મેયરની ગ્રાન્ટમાંથી કરવાનો નિર્ણય કરેલ છે. જ્યારે સે. ૧૨માં આવેલ ઉમીયા માતાના મંદિરની આસપાસ પેવર

● અનુસંધાન પાન-૭ પર

## ક્ષેત્રીય અધિકારીઓને સમિતિની બેઠકમાં ન બોલાવાતાં

# મહિલા-બાળ વિકાસ સમિતિની બેઠક મુલ્તવી

## જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ આ સમિતિના સભ્ય છે : આ સમિતિમાં વિવાદનો નવો મધપૂડો છંછેડાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં રેતી-કાંકરીની ગ્રાન્ટનો વિવાદ શમી ગયા બાદ આજે મહિલા, બાળ કલ્યાણ સમિતિની બેઠક તાલુકાના અધિકારીઓ હાજર નહિ રહેતા મુલ્તવી રાખવાની ફરજ પડી હોવાનો નવો વિવાદ ઉભો થયો છે.

સમિતિના ચેરમેન નરેશ ઠાકોરના જણાવ્યા પ્રમાણે અધિકારીને સમિતિની બેઠકમાં તમામ ઘટકોના સી.ડી.પી.ઓ.ને હાજર રાખવા માટેની સૂચના હોવા છતાં સૂચના નીચેના અધિકારીઓને ન આપવામાં આવતાં કોઈ હાજર રહ્યા ન હતા એટલુ જ નહિ સમિતિની બેઠકના એજન્ડા અંગે અપાયેલી મૌખિક સૂચનામાં વિષયો સ્પષ્ટ કર્યા હોવા છતાં અધ્યક્ષસ્થાનેથી જે રજુ થાય તે એવુ દર્શાવી મનસ્વી વલણના વિરોધમાં આ બેઠક મુલ્તવી રાખવાની ફરજ પડી છે.

અધિકારીના મનસ્વી વલણ અંગે અગાઉ પણ જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરવામાં આવી હતી. આજની બેઠક અંગે પણ આવા અધિકારીઓ સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવે તેવી લેખિતમાં જિલ્લા વિકાસ અધિકારી અને પંચાયત પ્રમુખને રજુઆત કરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

# જુના સેકટરોના નળમાં પાણી આવતુ નથી અને વરસાદી પાણીનો નિકાલ થતો નથી

## સે-૨૩ થી ૨૬ માં નળમાં ફોર્સથી પાણી આવતુ નથી : ઘરની બહાર વરસાદી પાણીનો ભરાવો : રહીશો ત્રાહીમામ તંત્ર સમક્ષ રજુઆત

ગાંધીનગર તા ૪

શહેરમાં નવા અને જુના સેકટરોમાં હાલ પાણીના મુદ્દે કકળાટ પ્રવર્તયો છે. જુના સેકટરોમાં નળમાં પાણી ફોર્સથી આવતુ નથી અને સેકટરોમાં ભરાયેલા વરસાદી પાણીનો નિકાલ થતો નથી. સેકટરવાસીઓ છેલ્લા ઘણાં સમયથી તંત્ર સમક્ષ રજુઆત કરવા છતા કોઇ પગલા લેવાતા નથી. જયારે વરસાદી ઋતુ દરમિયાન પણ સેકટરમાં પાણીનો કકળાટ યથાવત છે. સ્ટોર્મ વોટર લાઇનના અભાવે સેકટરોમાં વરસાદી પાણી ઉલેચાતા નથી. જેના લીધે કાદવ કિચ્ચડની સાથે ગંદકીની સમસ્યા જટીલ બની છે. જયારે મચ્છરોનો ઉપદ્રવ પણ વધતા રોગચાળાનો ખતરો મંડરાયો છે.

શહેરના જુના સેકટરોમા છેલ્લા કેટલાક સમયથી પાણીની સમસ્યા જટીલ બની છે. સેકટરોમાં રોજબરોજ પાણી ફોર્ષથી ન આવતુ હોવાનો કકળાટ પ્રવર્તયો છે. જેમાં ખાસ કરીને સે-૨૩, ૨૪ અને ૨૫ તેમજ સે-૨૬ માં પાણીની બુમ ઉઠવા પામી છે. સેકટરમાં પાણી ફોર્ષથી ન આવતુ હોવાના મામલે અગાઉ પણ સ્થાનિક રહીશો દ્વારા તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી હતી. જો કે સેકટરમાં પાણીની પોકારને ડામવા તંત્ર દ્વારા નવા બોર તૈયાર કરાયા છે. જયારે હજુ બોર શરૂ ન થતા પાણીની સમસ્યા હલ થઇ નથી. બીજીતરફ જુના સેકટરોના ઘરોમાં ફોર્ષથી પાણી ન આવતુ હોવાની ફરિયાદો વચ્ચે ઘરની બહાર હીલોળા લેતા વરસાદી પાણીના નિકાલની પણ કોઇ વ્યવસ્થા ન હોવાના લીધે રહીશો માટે ઘરમાં તેમજ ઘરની બહાર પાણીની સમસ્યા પેચીદી બની છે. વરસાદી પાણીના નિકાલની લાઇનના અભાવે સેકટરોમાં એકાદ ઇંચ વરસાદમાં જ જળબંબાકારની સ્થિતિ સર્જાય છે. જયારે પાણીનો નિકાલ ન થતા કાદવ કિચ્ચડ વચ્ચે મચ્છરોનો ઉપદ્રવ વધે છે. સેકટરમાં વિકરાળ બનતા પાણીના પ્રશ્ન સંદર્ભે વોર્ડ નં-૪ ના કોર્પોરેટર નીલાબેન શુકલ સહીતના આગેવાનોએ આજે પાટનગર યોજના ભવનના તંત્ર સમક્ષ રજુઆત કરી હતી. તંત્ર કક્ષાએથી ટુંકમાં જ પ્રશ્નનો ઉકેલ આવશે તેવી ખાત્રી પણ આપવામાં આવી છે. સે-૨૪ અને સે-૨૬ માં પાણીનો બોર બનાવવામાં આવ્યો છે. પરંત હજુ સુધી બોર શરૂ ન થતા પાણીનો ફોર્સ વધ્યો નથી. બોર તૈયાર છે. પરંતુ આનુસંગિક ઇલેક્ટ્રીકની કામગીરી બાકી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. સેકટરમાં વરસાદી પાણીનો નિકાલ થાય તેમજ નવો બોર કાર્યરત થાય અને સેકટરવાસીઓને ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# સંસ્કૃતિના નાટયશાસ્ત્ર અને નવરસથી અદભુત ડિઝાઇનનુ સર્જન થાય : ઈમામ સિદકી

## ગાંધીનગરના આઇ એન આઇ એફ ડી સેન્ટરમાં બીગબોસ અને એમ ટી વી ફેમ ઇમામ સિદદકીએ વિદ્યાર્થીઓને રસપ્રદ માર્ગદર્શન પુરુ પાડયુ

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં ઈન્ફોસીટી સ્થિત



આઇ એન આઇ એફ ડી ના સેન્ટરની આજે જાણીતા ડિઝાઇનર અને મોડેલ ઈમામ સિદદકીએ મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓને તેમણે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ અંગે ખ્યાલ આપી સંસ્કૃતિના નાટયશાસ્ત્ર તેમજ નવરસનો અભ્યાસ કરી ડિઝાઇનમાં ક્રીએશન લાવવા માટે માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

શહેરના આઇ એન આઇ એફ ડી સેન્ટરમાં આજે બીગ બોસ તેમજ એમ ટી વી ફેઇમ ઇમામ સિદદકીએ વિદ્યાર્થીઓ સાથે વર્કશોપ યોજયો હતો. ગાંધીનગરની મુલાકાતે આવેલા ઈમામ સિદદકીએ ફેશન જગત સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને પોતાના અનુભવો વર્ણવ્યા હતા. જયારે ફેશન અને ડિઝાઈનના ક્ષેત્રમાં ભારતીય સંસ્કૃતિને સાંકળી નવા ક્રિએશન તરફ ધ્યાન કેન્દ્રીત કરવા માટે સુચવ્યુ હતુ. તેમણે જણાંવ્યુ હતુ. ભારતીય સંસ્કૃતિના નાટયશાસ્ત્ર તેમજ નવરસને જોડતા કન્સેપ્ટને પણ ડિઝાઈનીંગ ક્ષેત્રે નવુ કાંઇક ઈન્વોલ્વ કરવુ જોઈએ. જેના લીધે વિદેશી કંપનીમાં પણ આ અંગેની ડિમાન્ડ વધશે. માત્ર ૧૨ વર્ષની ઉંમરથી જ મોડેલીંગમાં જોડાયેલા ઈમામને અગાઉ રાષ્ટ્રીય પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યા હતા. તેમણે પોતાનો ફેશન અને ડિઝાઈનીંગ ક્ષેત્રના અનુભવ અંગે રસપ્રદ વાતો વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરી હતી. તેમણે જણાંવ્યુ હતુ કે ફેશન અને સ્ટાઈલ મનોરંજનનુ માધ્યમ છે. જેનાથી કોઈપણને પ્રભાવિત કરી શકાય છે.

● અનુસંધાન પાન-૭ પર

**જોઈએ છે**

કોલવડા કેળવણી મંડળ સંચાલિત બાશ્રી ચંચળબા પ્રતાપસિંહજી ગોબરભા વાઘેલા પ્રાથમિક વિદ્યામંદિર અને શ્રીમતી કે. કે. પટેલ વિદ્યાલય કોલવડામાં કોમ્પ્યુટર ટીચરની જરૂર છે તો નીચે મુજબની લાયકાત ધરાવતા ઉમેદવારોએ નિયત નમુનાની અરજી સાથે લાયકાત અને અનુભવના પ્રમાણપત્રો સાથે નીચેના સ્થળે રૂબરૂ હાજર રહેવું.

(૧) કોમ્પ્યુટર ટીચર P.G.D.C.A. જગ્યા (૧)

તારીખ : ૧૦/૭/૨૦૧૭, સોમવારે
સમય સવારે ૮-૦૦ થી ૧૧-૦૦
કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા
તા.જી. ગાંધીનગર

પ્રમુખશ્રી/મંત્રીશ્રી
કોલવડા કેળવણી મંડળ કોલવડા
C/o. કે.કે. પટેલ વિદ્યાલય કોલવડા
તા.જી. ગાંધીનગર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com